Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-2, September-2019
Impact Factor:4.081
www.researchguru.net

# શ્રીવિક્રમચરિત્રમાં સમાજ દર્શન એક અભ્યાસ

**સંજયકુમાર આર. ચૌધરી**

( M.A.,M.PHIL.,GSET ) PH.D Scholar, HNGU, Patan

***સારાંશ*** *– સાહિત્ય સમાજનું દર્શન છે, સમાજનું પ્રતિબિંબ છે, સમાજનું માર્ગદર્શક છે. કોઈપણ દેશ કે સભ્યતાની માહિતી એના સાહિત્યના અભ્યાસથી પ્રાપ્ત થાય છે. સાહિત્ય લોકજીવનનું અભિન્ન અંગ છે. કોઈપણ કાળના સાહિત્યથી તે સમયની પરિસ્થિતિઓ , જનમાનસની રહેણી-કરણી , ખાન-પાન તથા અન્ય ગતિવિધિઓની જાણકારી પ્રાપ્ત થાય છે. સમાજ સાહિત્યને પ્રભાવિત કરે છે અને સાહિત્ય સમાજ પર પ્રભાવ પાડે છે. બંને એક સિક્કાની બે બાજુ છે. સાહિત્યથી સમાજનો એ જ સંબંધ છે, જે સંબંધ આત્માનો શરીરથી હોય છે , સાહિત્ય સમાજરૂપી શરીરની આત્મા છે. સાહિત્ય અજર-અમર છે. આથી કોઈપણ કાળના સમાજજીવનની માહિતી આપણને તત્કાલીન સમયમાં રચાયેલ સાહિત્યનાં અધ્યયન દ્વારા સરળતાથી ઉડીને આંખે વળગે છે. શ્રીવિક્રમચરિત્ર આચાર્યશ્રી શુભશીલગણિ દ્વારા વિ.સં.૧૪૯૯ માં રચાયેલ મહાકાવ્ય છે. તેના અધ્યયન દ્વારા તત્કાલિન સમાજમાં નારીનું સ્થાન, તેનું માન-સન્માન, રાજાનું સ્થાન-કર્તવ્ય, રાજ્ય વહીવટ, ગુરૂનું સ્થાન, લોકોની ધાર્મિક વૃતિ, અંધશ્રદ્ધા, માન્યતા, વ્યવસાય, નગરરચના વગેરેનું દર્શન આપણને પ્રત્યક્ષ થાય છે. પ્રસ્તુત સંશોધન લેખમાં આ મહાકાવ્યમાંથી પ્રાપ્ત આ જ સમાજ દર્શન રજૂ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.*

***ચાવીરૂપ શબ્દો*** *– સમાજ, લોકજીવન, સાહિત્ય અને સમાજ, સમાજવ્યવસ્થા , વિક્રમાદિત્ય*

**પ્રસ્તાવના -**

શ્રીવિક્રમચરિત્ર આચાર્યશ્રી શુભશીલગણિ દ્વારા રચિત મહારાજા વિક્રમાદિત્યના પરાક્રમોનું વર્ણન કરતું અદભૂત કાવ્ય છે. રાજા વિક્રમાદિત્યના જીવનચરિત્રે પ્રાચીન કાળથી જ અનેક કવિઓને પોતાની તરફ આકર્ષિત કર્યા છે. આચાર્યશ્રી શુભશીલગણિએ પણ અગાઉના કવિઓ દ્વારા રચિત કાવ્યો , સમાજમાં પ્રચલિત લોકવાયકાઓમાંથી પ્રેરણા લઈ રાજા વિક્રમાદિત્યના ચરિત્રનું વર્ણન કરતું કાવ્ય શ્રીવિક્રમચરિત્રની રચના વિ.સં.૧૪૯૯ માં કરી છે.[૧] અન્ય સાહિત્યની જેમ આ મહાકાવ્યના સમ્યક અધ્યયન દ્વારા તત્કાલીન સમાજ વ્યવસ્થાનો આપણને સુપેરે પરીચય પ્રાપ્ત થાય છે , જે નીચે પ્રમાણે જોઈ શકાય છે.

**શ્રીવિક્રમચરિત્રમાં સમાજ દર્શન -**

કોઈપણ સમાજવ્યવસ્થામાં નારીએ અભિન્ન અંગ છે. આથી સમાજમાં નારીનાં સ્થાનને આધારે કોઈપણ સમાજવ્યવસ્થાનું આકલન સરળતાથી કરી શકાય છે. સ્ત્રી વિનાના સમાજની કલ્પના પણ કરી શકાતી નથી. આ મહાકાવ્યમાં આપણને સમાજમાં સ્ત્રીનાં વિવિધ રૂપો અને તેનું સમાજમાં સ્થાનની માહિતી મળે છે. તત્કાલિન સમાજમાં સ્ત્રીનું સ્થાન ભગવાન મનુએ મનુસ્મૃતિમાં જણાવ્યું છે કે,

" यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः।
यत्रैतास्तु न पूज्यन्ते सर्वास्तत्राफलाः क्रियाः।।[२] "

તે પ્રમાણે ઉચ્ચ સ્થાન હતું .તત્કાલિન સમાજમાં માતાને ખૂબ જ ઉચ્ચ પવિત્ર સ્થાન હતું . માતાને પૂજનીય માનવામાં આવતા. સર્ગ-૧ માં જ્યારે રોહનગિરી પર્વતમાંથી રત્ન મેળવવાના પ્રસંગમાં ભદ્દમાત્ર વિક્રમાદિત્યને માતાનાં અસત્ય સમાચાર આપે છે. આથી વિક્રમાદિત્ય દુઃખી થાય છે, અને તેને રત્ન પ્રાપ્ત થાય છે. પરંતુ જ્યારે તેમને સત્યની જાણ થાય છે, તે રત્ન ફેંકી દે છે. અને કવિ વિક્રમાદિત્યના મુખેથી માતાની સ્તુતિ કરતાં કહે છે કે , માતા સર્વોત્તમ તીર્થમયી , માતાના ચરણોમાં વંદન માત્રથી પુણ્ય પ્રાપ્ત થાય છે. જેમ કે,

" तीर्थे धर्मे च देवे च विवादो विदुषां बहुः।
मातुश्चरणचर्चा तु सर्वदर्शनसंमता ।।
गङ्गास्नानेन यत्पुण्यं नर्मदादर्शनेन च ।
तापीस्मरणमात्रेण तन्मातुः पदबन्धनात् ।।[३] "

આ ઉપરાંત સર્ગ-૮ માં ચક્રેશ્વરીદેવીનાં મુખે કવિ માતાની સ્તુતી કરે છે. આમ તત્સમયમાં માતા સમાજમાં

ઉચ્ચ સ્થાને બિરાજમાન હતા. આ ઉપરાંત તત્કાલીન સમાજમાં બહુપત્નીત્વ પ્રથા પ્રચલિત હતી .રાજા તથા અન્ય હોદ્દેદારો એક કરતાં વધુ સ્ત્રીઓ સાથે લગ્ન કરતાં એ રાજા વિક્રમાદિત્યના અનેક સ્ત્રીઓ સાથેના લગ્ન પરથી કહી શકાય .

આ ઉપરાંત સમાજમાં કન્યાને બોજરૂપ ગણવામાં ન આવતી. કન્યાના જન્મ સમયે પણ પુત્રની જેમ ઉત્સવ મનાવવામાં આવતો.[૪] કન્યાનો ઉછેર પણ પુત્રની સમાન લાડથી થતો. તેમાં કોઈ ભેદભાવ રાખવામાં આવતો નહી. કન્યાને પણ કુમારની જેમ શિક્ષણ આપવામાં આવતું. શિક્ષાનો તેને પણ અધિકાર હતો. જેમ કે , પદમાવતીને રાજા વિવિધ શાત્રોનો અભ્યાસ કરાવે છે.

" पण्डितः श्रौणिभुक्पुत्रीं पाठयित्वा कलिन्दिकाः ।

आनीनाय नृपापान्ते शुकराजसमन्वितम् ।।[५] "

આ ઉપરાંત સર્ગ-૧૧ માં પદમાવતી અને રાજા વિક્રમાદિત્યના લગ્નની કથા પરથી કહી શકાય કે , કન્યાના લગ્ન માટે સમસ્યા રાખી સ્વયંવર રખવામાં આવતાં અને તેને યોગ્ય વર પસંદ કરવાની છૂટ હતી.

આ ઉપરાંત સર્ગ-૧૨ માં આવતી ધન્યપત્ની રત્નમંજરીની વાત પરથી જાણી શકાય છે કે, તત્કાલીન સમાજમાં સતીપ્રથાનો રીવાજ પણ પ્રચલિત હતો . પત્ની પોતાના પતિના મુત્યુ પછી તેની સાથે ચિતામાં સતી થતી હતી. લોકો સતી થનાર સ્ત્રીને માનભરી નજરે જોતાં હતા, તેને દેવી ગણવામાં આવતી હતી . આ ઉપરાંત મહાકાવ્યમાં ચિત્રિત કોચી કંદોયણ અને અન્ય વેશ્યાઓના ચરિત્ર પરથી કહી શકાય કે સમાજમાં વેશ્યાવૃતિ પણ પ્રચલિત હતી. વેશયાઓ નાચ-ગાન વગેરેમાં નિપુણ હતી. વેશ્યાવૃતિએ નિંદનીય ણ ગણાતી. વેશયાને પણ સમાજમાં યોગ્ય સ્થાન હતું. તેઓ રાજા , રાજકુટુંબ અને અન્ય લોકોનું મનોરંજન કરતી તથા અન્ય ઇચ્છિત કાર્યમાં સહાયતા કરતી. આમ, એકંદરે તત્કાલિન સમાજમાં સ્ત્રીનું સ્થાન નિમ્ન નહોતું . સ્ત્રીને સમાજમાં યોગ્ય માન, મોભો પ્રાપ્ત હતાં.

સમાજમાં રાજાને પ્રજાનો સેવક માનવામાં આવતો. રાજા પ્રજાપાલનને પોતાનો ધર્મ માનતાં. સર્ગ-૨ માં વિક્રમાદિત્ય ખર્પરક અને સર્વહર ચોરને પકડવા સ્વયં ગુપ્તવેશે નગરમાં ભ્રમણ કરે છે, જે પરથી કહી શકાય કે કેટલીકવાર રાજા સ્વયં પ્રજાનું દુઃખ જાણવા અને તેને દૂર કરવા ગુપ્તવેશે નગરમાં નીકળતાં. સમાજમાં રાજગાદી રાજા વિના અશુભ માનવામાં આવતી. રાજા પોતાનાં મોટા પુત્રને ઉત્તરાધિકારી તરીકે સ્વીકારતા અને પોતાનાં પછી તેને રાજ્ય સોંપતા. રાજાના રાજ્યાભિષેકને સર્ગ-૧માં રાજા ભર્તુહરી અને રાજા વિક્રમાદિત્યના રાજ્યાભિષેકનાં વર્ણનની જેમ ધામધૂમથી ઉજવવામાં આવતાં. રાજા ઘણીવાર સન્યાસ ધારણ કરતાં. રાજ્યવ્યવસ્થા જાળવવા માટે મહામાત્ય,મંત્રી,સેનાપતિ ,દંડનાયક વગેરે હોદ્દાઓ અમલમાં હતાં. રાજ્યો-રાજ્યો વચ્ચે સીમા વિસ્તાર,સ્ત્રીઓ કે અન્ય કારણે સંઘર્ષ થતાં. રાજાનાં મનોરંજન માટે વેશ્યાઓ દ્વારા નૃત્ય, ગાન, જાદુગરોની કલા , વાર્તાકથન કરવામાં આવતું અને રાજા તેમનો યોગ્ય સત્કાર કરતાં.

તત્કાલિન સમાજમાં લોકો ગુરૂ અને અવધૂતને ખૂબ માન આપતા. તેમનાં દર્શન કરી ધન્યતા આયોગ્ય આગતા-સ્વાગતા કરતાં. રાજા પણ તેમનો ઉપદેશ અનુસરતા. જેમ કે સર્ગ-૮ માં સિદ્ધસેનસૂરીશ્વરજી રાજા વિક્રમાદિત્યને દેશના સંભળાવી ધાર્મિક કાર્યો માટે પ્રેરે છે.

"अन्येद्युर्विक्रमादित्यः भूपः सुन्दरविक्रमः ।

सिध्दसेनगुरोः पार्श्वे धर्मे श्रोतुं समीयिवात् ।।[६] "

આ ઉપરાંત રાજા અને પ્રજા ખૂબ જ ધાર્મિક હતી. રાજા વિવિધ તીર્થસ્થાનોની ધાર્મિકયાત્રા સંઘ સાથે કરતાં. કેટલીકવાર નગરના લોકો પણ તેમાં જોડાતા. તત્કાલિન સમયમાં જૈન ધર્મનો પ્રભાવ પણ હતો. સર્ગ-૭ માં ઉજ્જૈનના મહાકાલ મંદિરના ઇતિહાસની કથાના આધારે કહી શકાય કે સમાજમાં જૈન અને હિન્દુ ધર્મના લોકો વચ્ચે ધર્મની બાબતમાં વિગ્રહ ચાલતો હશે. દરેક પોતાના ધર્મને શ્રેષ્ઠ ગણાવતાં હશે.

તત્કાલિન સમાજમાં લોકોમાં અંધવિશ્વાસ પણ જોવા મળે છે. પતિના મૃત્યુ પાછળ સતી થવા તૈયાર થનાર સ્ત્રીને લોકો દેવી તરીકે માનતાં. લોકો ભૂત, પ્રેત, વૈતાલ, ગાંધર્વ ,યોગીની વગેરેમાં વિશ્વાસ ધરાવતાં. અને તેમની અલૌકિક શક્તિઓમાં પણ માનતાં. લોકોમાં એવી પણ માન્યતા હતી કે મૃતકને સ્પર્શ ન કરવો. જેમ કે,

"भट्टमात्रो जगौ नौ चेत् त्वं लास्यस्या विभूषणम् ।

अहं चाण्डालिकं कर्म न कुर्वे साम्प्रतं सुहृयत् ।।[७] "

આ ઉપરાંત લોકો જ્યોતિષશાસ્ત્રમાં પૂર્ણ વિશ્વાસ ધરાવતાં. રાજા પણ પોતાના દરબારમાં જ્યોતિષીને યોગ્ય સ્થાન આપતા. તથા પોતાના વિવિધ કાર્યો , મુશ્કેલીઓમાં તેઓ જ્યોતિષવિદ્યાનો સહારો પણ લેતા. આ ઉપરાંત સ્વપ્નદર્શનને પણ લોકો માનતાં. અને સ્વપ્ન ઉપરથી ભવિષ્ય જાણવાનો પ્રયત્ન કરતા.

આ શ્રીવિક્રમચરિત્ર મહાકાવ્યનાં આધારે તત્કાલિન સમયની નગરરચનાનો પણ આપણને પરીચય થાય છે. રાજા અને અન્ય રાજકુટુંબના સભ્યોના મહેલ નગરના અન્ય લોકોથી અલગ હતાં. તથા દરેક જાતીનાં લોકો અલગ-અલગ વિસ્તારમાં રહેતા જેને ‘ પાડા ‘ એવું નામ આપવામાં આવતું. જેમ કે , સર્ગ-૧ માં કોચી કંદોયણ રહેતી તે કંદોઈનો પાડો અને સર્ગ-૯ માં ઘાંચી લોકોનો પાડો વગેરે. તત્કાલિન સમયમાં મોટા સમૃદ્ધ નગરો પણ હતાં। જેમ કે , વલ્લભીપુર , ઉજ્જૈન વગેરે . તથા નગરનાં લોકો સુખી પણ હતાં.

તત્કાલિન સમયમાં લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી હતો. આમ છતાં સર્ગ-૩ માં ગુણસારનાં કથાનક અને સર્ગ-૬ માં વિક્રમાદિત્ય , મિત્ર ભીમના કથાનકનાં આધારે કહી શકાય કે તત્સમયમાં લોકો દરીયાઇ માર્ગે વહાણ દ્વારા અન્ય દેશ સાથે વ્યાપાર કરતાં. આ ઉપરાંત વિવિધ કલાઓ પણ વિકસિત હતી. લોકો શિલ્પવિદ્યા , અશ્વવિદ્યા , ગજવિદ્યા , આર્યુવિદ્યા , ગાન ,નૃત્ય વગેરેમાં પારંગત હતાં. આમ લોકોનું જીવન સમૃદ્ધ હતું. પરંતુ લોકોમાં દારૂસેવન , જુગાર , વેશ્યાવૃતિ જેવી બદીઓ પણ ફેલાયેલી હતી.

**ઉપસંહાર -**

આમ, શ્રીવિક્રમચરિત્ર મહાકાવ્યને આધારે આપણને તત્કાલિન સમાજવ્યવસ્થાનો સુપેરે ખ્યાલ આવે છે. તત્કાલિન સમાજમાં સ્ત્રીનું સ્થાન ઉચ્ચ હતું. તેને ફક્ત પુરુષના મનોરંજનનું સાધન માનવામાં ન આવતી. તેની માન, મર્યાદા રાખવામાં આવતી. તે સમયમાં રાજા પોતાની પ્રજાનું સંતાનની જેમ પાલન કરતાં. પ્રજા પોતાના ધર્મમાં અતૂટ શ્રદ્ધા ધરાવતી હતી. જો કે લોકોમાં સહેજ ધાર્મિક કટ્ટરતાનાં પણ આપણને દર્શન થાય છે. તે સમયમાં સમાજમાં વિવિધ કલાઓ અને વિવિધ પ્રકારના વ્યવસાયથી લોકો પરિચિત હતાં. આથી તે સમયમાં લોકોનું જીવન એકંદરે સુખી અને સમૃદ્ધ હતું. લોકોમાં સિમિત માત્રામાં અંધવિશ્વાસ અને અન્ય બદીઓ પણ હતી. પરંતુ એકંદરે લોકો પોતાનું જીવન શાંતિથી પસાર કરતાં. આમ, તે સમયમાં રામરાજ્ય જેવી સ્થિતિ હતી એમ કહેવું સાવ ખોટું પણ નથી.

**પાદટીપ**

૧. निधाननिधिसिन्ध्वन्दुवत्सराद् विक्रमार्कतः ।
शुभशीलयतिश्र्चक चरित्रं विक्रमोष्णगोः ।।
શ્રીવિક્રમચરિત્ર ૧૨/૩૯૭

૨. મનુસ્મૃતિ ૩/૫૬

૩. શ્રીવિક્રમચરિત્ર ૧/૧૦૩,૧૦૪

૪. पुत्रजन्मोत्सवात् तस्या अधिको जननोत्सवः।
विदधे श्रेष्ठिना भूरिकमलाव्ययतः खलु ।।
શ્રીવિક્રમચરિત્ર ૧૧/૨૬૩

૫. શ્રીવિક્રમચરિત્ર ૧૧/૬૦

૬. શ્રીવિક્રમચરિત્ર ૮/૧

૭. શ્રીવિક્રમચરિત્ર ૧/૧૧૨